

## પ્રકરણ : ૧૩

# નારકી અને તેના જન્મના દુ:ખ



**પ્રકરણની રૂપરેખા**

- પ્રાસ્તાવિક
- **નારકી કોને કહે છે ?**
- **નારકીનું સ્વરૂપ**
- **નારકીના જન્મના દુ:ખ**
- ઉપસંહાર



(છંદ : ચોપાઇ, માત્રા ૧૫)

**अक्षिनिमीलनमात्रं नास्ति सुखं दु:खमेव अनुबद्धम् ।**
**निरये नैरयिकाणां अहर्निशं पच्यमानानाम् ।।**

**ભાવાર્થઃ જે રાતદિવસ દુ:ખરૂપી અગ્નિમાં નિરંતર બળ્યા કરે છે, જેને આંખના પલકારા માત્ર પણ સુખ નથી, તેથી જે સર્વદા દુ:ખથી જ 'અનુબદ્ધ છે તે નારકી છે.** (ત્રિલોકસાર : અધિકાર ૧ : ગાથા ૨૦૭)

પુષ્કળ પાપના ફળમાં નરકમાં અવતરનારા નારકી સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓમાં સૌથી વધુ દુ:ખી છે. દુ:ખનાં દરિયામાં ડૂબેલા નારકીઓને સમગ્ર જીવન દરમ્યાન આંખના પલકારા પૂરતું પણ સુખ હોતું નથી. તેના દુ:ખની આ 'દાસ્તાન તેના જન્મથી જ ચાલુ થઇ જાય છે. નારકીનો જીવ ઘણાં પ્રકારના દુ:ખ ઘણા લાંબા કાળ સુધી ભોગવે છે. પણ આ બધામાં તેનું જન્મનું દુ:ખ ઘણું મોટું છે. તેથી નારકીના જીવમાં જન્મના દુ:ખની મુખ્યતા જોવા મળે છે. તેથી જન્મના દુ:ખનું વર્ણન નારકીના જન્મ દ્વારા દર્શાવવામાં આવશે. પણ એ પહેલા નારકી કોને કહે છે ? અને તેનું સ્વરૂપ શું છે ? તે જાણીએ.



### નારકી કોને કહે છે ?

**नरकाणि अधोभूमिगतबिलानि नरकेषु जाता नारकः ।**

**ભાવાર્થ : અધોભૂમિમાં આવેલા નરકના બિલોમાં ઉપજતા નરકગતિના જીવો તે નારકી છે.**
(ગોમ્મટસારઃ જીવકાંડઃ ગાથા ૧૪૭ની ટીકાની ફૂટનોટના આધારે)

ઘણાં પાપનાં ફળમાં અધોલોકમાં આવેલા બિલમાં ઊંધા માથે જન્મતા જીવોને નારકી કહે છે. નર એટલે પ્રાણી અને क તેનો નઠારો કે અયોગ્ય અર્થસૂચક પ્રત્યય છે. તેથી પ્રાણીઓની નઠારી કે અયોગ્ય અવસ્થા તે નરકગતિ છે. નરકગતિના જીવોને નારકી કહે છે.

લોકના અધોભાગમાં ઉપરથી નીચે જતા નરકની સાત ભૂમિઓ આવેલી છે. જે આ પ્રમાણે છે—

૧. રત્નપ્રભા ૨. શર્કરાપ્રભા ૩. વાલુકાપ્રભા ૪. પંકપ્રભા ૫. ધૂમપ્રભા ૬. તમપ્રભા અને ૭. મહાતમપ્રભા.

ઉપરોક્ત સાત પ્રકારની નરકભૂમિમાં રહેતા નારકીના જીવો પણ તેના આધારે સાત પ્રકારના માનવામાં આવે છે તોપણ ઉપરોક્ત નામ નરકની ભૂમિઓના છે, નારકીના નથી.

### નારકીનું સ્વરૂપ

મહાપાપના ફળમાં નરકની અધોભૂમિમાં ઉપજનારા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને નારકી કહે છે.

**પ્રકાર** : સાત પ્રકારની નરકભૂમિના આધારે સાત પ્રકારના નારકીઓ માનવામાં આવે છે. તેના પર્યાપ્તક અને અપર્યાપ્તક એમ બે ભેદ માનતા કુલ ૧૪ ભેદ થાય છે.

**પર્યાપ્તિ** : નારકીના જીવને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છયે પ્રકારની પર્યાપ્તિ હોય છે. નારકીના જીવને આહાર પર્યાપ્તિમાં નરકની દુર્ગંધ યુક્ત માટી જ તેનો આહાર છે. નારકીની શરીર પર્યાપ્તિમાં તેનું શરીર વૈક્રિયિક પુદ્ગલોનું છે. વૈક્રિયિક શરીર હોવા છતાં તે ઔદારિક શરીર કરતાંય વધુ અશુભ છે. તેનો દેખાવ બેડોળ અને ભયંકર છે. વૈક્રિયિક શરીર હોવાને કારણે તેના રાઇ રાઇ જેવડા ટુકડા થવા છતાં તે ફરી પાછું

પારાની જેમ મળી જાય છે. નારકીને પાંચેય ઇન્દ્રિય છે. આ ઇન્દ્રિય વડે તેને અશુભ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દનો ભોગવટો છે. નારકી પોતાના નાક વડે શ્વાસોચ્છ્વાસ કરે છે અને જીભ વડે ભાષા ઉચ્ચારે છે. નારકીને મન પર્યાપ્તિ છે અને તેના વડે તે પોતાના હિતાહિતનો વિચાર કરી શકે છે અને પૂર્વના સંસ્કારના બળે આત્મહિત સાધી શકે છે.

**જન્મનો પ્રકાર :** નારકીનો જન્મ ઉપપાદ પ્રકારનો હોય છે અને તે તેના રહેઠાણના બિલના ઉપજવાના ભાગમાં થાય છે. બિલના ઉપરના ભાગે મધપૂડા જેવા ઉત્પત્તિના સ્થાન હોય છે. તેમાંથી ઊંધા માથે અને ઊંચા પગે અશુભ લેશ્યામાં આકરી વેદનાથી વિલાપ કરતો નારકી અંતર્મુહૂર્તમાં બધી પર્યાપ્તિઓ પૂરી કરીને ઉત્પન્ન થાય છે.

**અવસ્થાન :** નારકીઓનું અવસ્થાન તેના બિલમાં હોય છે. આ બિલ જમીનમાં ખાડો કરેલ હોય તેવા ઢોલની પોલ સમાન અને ખૂબ વિશાળ હોય છે. સાતેય નરકભૂમિના બધાં મળીને કુલ ૮૪ લાખ જેટલા બિલ હોય છે. તેમાં પહેલાંથી પાંચમી નરકના પોણાભાગના ૮૨૨૫૦૦૦ બિલ અત્યંત ઊષ્ણ હોય છે અને બાકીના ૧૭૫૦૦૦ બિલ અત્યંત શીત છે. આ દરેક બિલમાં કાયમ માટે અંધારૂં હોય છે.

**અવગાહના :** નારકીના શરીરની અવગાહનામાં જઘન્ય અવગાહના પ્રથમ નરકના નારકીની ત્રણ હાથ(૧.૨મી.) અને ઉત્કૃષ્ટ અવગાહનામાં સાતમી નરકના નારકીની પાંચસો ધનુષ (૮૦૦ મીટર) જેટલી હોય છે. નારકીના શરીરનું સંસ્થાન હુંડક પ્રકારનું હોય છે. તેથી તેના શરીરનો આકાર બેડોળ હોય છે.

**આયુ :** નારકીનું આયુષ્ય [૧] ***નિરૂપક્રમ*** હોય છે અને તેથી શરીરનાં રાઈ રાઈ જેવડા ટુકડા થવા છતાં આયુષ્ય પુરું થયા પહેલા મરણ થતું નથી. આ આયુષ્યમાં પ્રથમ નરકનું ઉત્કૃષ્ટ આયુ તે બીજા નરકનું જઘન્ય આયુષ્ય હોય છે તે રીતે દરેક નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય તે ત્યારપછીના નરકનું જઘન્ય આયુષ્ય હોય છે.નારકીના આયુને નીચેના કોઠા અનુસાર દર્શાવી શકાય છે.

| નરક નં. | જઘન્ય આયુ | ઉત્કૃષ્ટ આયુ |
|---|---|---|
| પહેલી | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગર ($૪.૧૩\times૧૦^{૧૦}$ વર્ષ) |
| બીજી | ૧ સાગર ($૪.૧૩\times૧૦^{૧૦}$ વર્ષ) | ૩ સાગર ($૧.૨૩૯\times૧૦^{૧૧}$ વર્ષ) |
| ત્રીજી | ૩ સાગર ($૧.૨૩૯\times૧૦^{૧૧}$ વર્ષ) | ૭ સાગર ($૨.૮૯૧\times૧૦^{૧૧}$ વર્ષ) |
| ચોથી | ૭ સાગર ($૨.૮૯૧\times૧૦^{૧૧}$ વર્ષ) | ૧૦ સાગર ($૪.૧૩\times૧૦^{૧૧}$ વર્ષ) |
| પાંચમી | ૧૦ સાગર ($૪.૧૩\times૧૦^{૧૧}$ વર્ષ) | ૧૭ સાગર ($૭.૦૨૧\times૧૦^{૧૧}$ વર્ષ) |
| છઠ્ઠી | ૧૭ સાગર ($૭.૦૨૧\times૧૦^{૧૧}$ વર્ષ) | ૨૨ સાગર ($૯.૦૮૬\times૧૦^{૧૧}$ વર્ષ) |
| સાતમી | ૨૨ સાગર ($૯.૦૮૬\times૧૦^{૧૧}$ વર્ષ) | ૩૩ સાગર ($૧.૩૬૨૯\times૧૦^{૧૨}$ વર્ષ) |



**ગતિ-નામકર્મ-કાળ-સંખ્યા-લિંગ-જ્ઞાન-લેશ્યા-પ્રાણ :** સંસારની ચાર ગતિ પૈકી નારકી જીવો નરકગતિના કહેવાય છે. નામકર્મમાં તેમને ત્રસ નામકર્મનો ઉદય હોવાથી તેઓ ત્રસ પર્યાય ધરાવે છે. સંસારી જીવના ત્રસ પર્યાયમાં રહેવાના ઉત્કૃષ્ટ બેહજાર સાગરોપમ ($૮.૨૬\times૧૦^{૧૩}$ વર્ષ)ના કાળમાં મનુષ્ય પર્યાય કરતાંય અસંખ્યગણો વધુ કાળ જીવ નરક પર્યાયમાં રહે છે. તેથી મનુષ્યના એક ભવ સામે નારકીના અસંખ્ય ભવ હોય છે અને મનુષ્યની સંખ્યા કરતાં નારકીની સંખ્યા અસંખ્યગણી વધુ હોય છે. આ નારકીઓ નપુંસકલિંગ ધારી હોય છે. તેથી તેને દાઢી-મૂંછ હોતા નથી. નારકીના જીવોને મતિ-શ્રુત ઉપરાંત અવધિજ્ઞાન હોય છે. આ અવધિજ્ઞાન [૨] *ભવપ્રત્યય* પ્રકારનું કહેવાય છે. પ્રથમ નરકમાં અવધિજ્ઞાનનો વિષય ચાર કોસ (૧૨.૮ કિ.મી.) જેટલો હોય છે. જે આગળ આગળની નરકમાં અડધો અડધો કોસ ઘટવાથી સાતમી નરકમાં એક કોસ (૩. ૨ કિ.મી.) જેટલો હોય છે. નારકીના જીવોને કાયમ તીવ્ર ક્રોધાદિ કષાયની પ્રગટતા  રહેવાના કારણે તેમને કાયમ માટે કૃષ્ણ, નીલ, કાપોત જેવી અશુભ લેશ્યા જ હોય છે. નારકીના જીવો પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાય એ ત્રણ બળો, શ્વાસોચ્છ્વાસ અને આયુ એ દશેય પ્રકારના પ્રાણો ધરાવે છે.

**ગતિ-આગતિ :** કર્મભૂમિના મનુષ્ય અને કર્મભૂમિના અસંજ્ઞી કે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ નરકમાં ઉપજી શકે છે. તેમાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ માત્ર પ્રથમ નરકમાં, સરીસૃપ પહેલી બે નરકમાં, પક્ષી પહેલી ત્રણ નરક સુધી, સાપ જેવા પ્રાણીઓ ચોથી નરક સુધી, સિંહ જેવા હિંસક પશુઓ પાંચમી નરક સુધી, મનુષ્ય સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી અને મત્સ્ય તેમજ મનુષ્ય પુરુષો સાતેય નરકમાં ઉપજવાની યોગ્યતા ધરાવે છે. નરકમાં ઉપજનારો જીવ પૂર્વભવમાં નારકી, દેવ, ભોગભૂમિનો જીવ, વિકલત્રય કે એકેન્દ્રિય હોતો નથી. નરકનું આયુષ્ય પૂરું કરી કોઇ જીવ ફરી પાછો નરકમાં અવતરતો નથી. તેમજ નરકમાંથી બહાર નીકળેલો જીવ દેવ, ભોગભૂમિનો જીવ, વિકલત્રય, એકેન્દ્રિય પણ થતો નથી. તેમજ તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પણ થતો નથી એટલે કે નરકમાંથી બહાર નીકળેલો જીવ કર્મભૂમિનો મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચમાં જ અવતરે છે. અને તે સંજ્ઞી પર્યાપ્તક અને ગર્ભજન્મવાળો હોય છે.



**નારકી અવસ્થામાં ઉપજવાનું કારણ :** આત્મ સ્વભાવની વિરાધનારૂપ ઊંધાઇના ફળમાં અજ્ઞાની જીવો ઊંધા માથે ઉપજવાના સ્થાન એવા નારકી અવસ્થામાં ઉપજે છે. નરકમાં ઉપજનારા મનુષ્યો તીવ્ર ક્રોધાદિ કષાયોથી યુક્ત, પાંચ ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત, કુશીલ, દુરાચારી, માંસ-દારૂ જેવા અભક્ષ્ય પદાર્થોનું સેવન કરનારા, નિર્દય અને ક્રૂર પરિણામી હોય છે. પશુઓમાં પણ જે ક્રૂર પરિણામી અને હિંસક છે તેઓ નરકમાં ઉપજે છે. રૌદ્રધ્યાનપૂર્વક કૃષ્ણલેશ્યામાં મરણ પામનારા જીવો પણ બહુધા નરકમાં ઉપજે છે. તેથી આપઘાત કરી મરણ પામનારો જીવ પણ મોટાભાગે નરકમાં ઉપજે છે.

**સમ્યક્ત્વનો અધિકાર :** નારકીનો જીવ સંજ્ઞી હોવાથી સમ્યક્ત્વનો અધિકારી છે. પણ ત્યાં વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપલબ્ધિ ન હોવાથી અને સાક્ષાત્ ધર્માત્માની દેશનાની દુર્લભતા હોવાથી સામાન્યપણે અધિગમજ સમ્યગ્દર્શન સંભવતું નથી. પણ પૂર્વના આત્મહિતના સંસ્કારો અને પૂર્વની દેશનાના કારણે થાય તેવું નિસર્ગજ સમ્યગ્દર્શન સંભવે છે. આવી રીતે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર નારકીએ પૂર્વના મનુષ્ય ભવમાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે આત્મહિતના સંસ્કારો અને દેશના પ્રાપ્ત કરેલ હોય છે. અને વર્તમાન નરકની ભયંકર વેદનાને કારણે થતા પશ્ચાત્તાપ અને પૂર્વભવના જાતિસ્મરણજ્ઞાન જેવા નિમિત્ત પામીને પોતાના પૂર્વના સંસ્કારોનું અનુસંધાન કેળવીને સમ્યગ્દર્શન સાધે છે. આ ઉપરાંત પ્રથમ ત્રણ નરક સુધી કોઇ મિત્ર દેવના સંબોધનથી પણ સમ્યગ્દર્શન થાય છે. સીતાનો જીવ હાલમાં દેવલોકનો દેવ છે તેણે ત્રીજી નરકમાં રહેલ લક્ષ્મણ અને રાવણના જીવને આત્મહિતનો પ્રતિબોધ આપ્યો અને તેથી આ બન્ને જીવોએ પોતાના પૂર્વના સંસ્કારો જાગૃત કરીને નરકમાં ફરીથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરેલ છે.

*નારકીના જીવોના લાંબા કાળ સુધીના અનેક દુઃખોમાં જન્મનું દુઃખ ઘણું મોટું છે. અહીં નારકીના જન્મના દુઃખનું વર્ણન છે.*

## નારકીના જન્મના દુઃખો

**भीदीए कंपमाणो चलिदुं दुक्खेण पट्ठिओ संतो ।**
**छत्तीसाउहमज्झे पडिदूणं तत्थ उप्पलइ ॥**
**उच्छेहजोयणाणिं सत्त धणू छस्सहस्सपंचसया ।**
**उप्पलइ पढमखेत्ते दुगुणं दुगुणं कमेण सेसेसु ॥**

**ભાવાર્થ :** પોતાના ઉપજવાના સ્થાનમાં ઉત્પન્ન થતો નારકીનો જીવ ઘણાં કષ્ટ અને ભયથી ધ્રુજતો છત્રીસ પ્રકારના આયુધોની વચ્ચે પડે છે અને ત્યાંથી ઊછળે છે.

આ ઉછાળો પ્રથમ નરકમાં સાત યોજન ને છ હજાર પાંચસો ધનુષ (૧૦૦ કિ.મી.) જેટલો હોય છે અને ત્યારપછીની નરકમાં તે ઉત્તરોત્તર બમણો બમણો થતો જાય છે. (સાતમી નરકમાં આ ઉછાળો પાંચસો યોજન એટલે કે ૬૪૦૦ કિ.મી. જેટલો હોય છે.)
(તિલોયપણ્ણતિ : અધિકાર ૨, ગાથા ૩૧૪, ૩૧૫)


ભયંકર ઊછાળાથી ઉપજતા નારકીના જન્મનું દુઃખ કરોડો જીભો વડે કરોડો ભવો સુધી કહેવામાં આવે તોપણ વર્ણવી શકાતું નથી. નારકીના જન્મના મુખ્ય પ્રકારના દુઃખને ટૂંકાણમાં તેની જન્મની પ્રક્રિયા અનુસાર નીચેના પાંચ તબક્કામાં બતાવવામાં આવે છે.



૧. જન્મસ્થાનનું દુઃખ

૨. જન્મ સમયે થતાં ઉછાળાનું દુઃખ
૩. ઉછાળા બાદ ભૂમિસ્પર્શનું દુઃખ
૪. નવીન જન્મેલ નારકીને અન્ય નારકીઓ દ્વારા અપાતું દુઃખ
૫. નવીન જન્મેલ નારકીને અસુરકુમાર દેવો દ્વારા અપાતું દુઃખ

### ૧. જન્મસ્થાનનું દુઃખ



નારકીનો જન્મ પોતાના નિશ્ચિત સ્થાનવિશેષમાં થતો ઉપપાદ પ્રકારનો છે. નારકીઓના રહેઠાણના બિલના ઉપરના છત જેવા ભાગમાં અર્ધવર્તુળાકાર મધપૂડા જેવા જન્મ લેવાના સ્થાન હોય છે. નારકીઓના જન્મ લેવાના આ સ્થાનના વિસ્તાર કરતાં તેની ઊંચાઇ પાંચ ગણી હોય છે. તે આ નીચેના કોષ્ટક અનુસાર છે..

| નરક નં. | જન્મ સ્થાનનો વિસ્તાર | જન્મ સ્થાનની ઉંચાઈ |
|---|---|---|
| પ્રથમ | ૧ કોસ (૩.૨ કિ.મી.) | ૫ કોસ (૧૬ કિ. મી) |
| બીજી | ૨ કોસ (૬.૪ કિ.મી.) | ૧૦ કોસ (૩૨ કિ.મી.) |
| ત્રીજી | ૩ કોસ (૯.૬ કિ.મી.) | ૧૫ કોસ (૪૮ કિ.મી.) |
| ચોથી | ૪ કોસ (૧૨.૮ કિ.મી.) | ૨૦ કોસ (૬૪ કિ.મી.) |
| પાંચમી | ૮ કોસ (૨૫.૬ કિ.મી.) | ૪૦ કોસ (૧૨૮ કિ.મી.) |
| છઠ્ઠી | ૧૨ કોસ (૩૮.૪ કિ.મી.) | ૬૦ કોસ (૧૯૨ કિ.મી.) |
| સાતમી | ૪૦૦ કોસ (૧૨૮૦ કિ.મી.) | ૨૦૦૦ કોસ (૬૪૦૦ કિ.મી.) |


નરકના મધપૂડા જેવા અર્ધવર્તુળાકાર જન્મના સ્થાન વિશેષમાં નારકીઓના ઉપજવાના અનેક સ્થાનો હોય છે. મધપૂડામાં માખીઓને રહેવાના અનેક ખાનાઓ હોય છે, તેમ નારકીઓના મધપૂડા જેવા ઉત્પત્તિ સ્થાનમાં ઉપજવા માટેના ખાનાઓ જેવા અનેક સ્થાનો હોય છે. મધપૂડાના ખાનાઓ ષટ્કોણ આકારના હોય છે. પણ આ જન્મ સ્થાનો જુદી જુદી નરકમાં ઘડો, કોથળી, મુદ્ગર, નાલી જેવા જુદા જુદા આકારના હોય છે. આ જન્મસ્થાન અનંત અંધકારથી વ્યાપ્ત અને અસહ્ય દુર્ગંધવાળા હોય છે. આવા સ્થાનમાં નારકીનો જીવ ઊંધા માથે અને ઊંચા પગે આપમેળે ઉત્પન્ન થાય છે. તેનું ઉપજવું કૃષ્ણ લેશ્યા જેવી અશુભ લેશ્યામાં અત્યંત કષ્ટદાયક હોય છે.

જેમ માટીના નાના કાચા ઘડાને અગ્નિમાં પકાવવાની પ્રક્રિયાને કુંભીપાક કહે છે. તેમ પોતાને ઉપજવાના નાના ઘડા વગેરે જેવા સ્થાનમાં કુંભીપાક સમાન અસહ્ય ઉષ્ણતામાં સેકાઇને એક મુહૂર્તમાં પોતાની બધી પર્યાપ્તિઓ પૂરી કરતો નારકી ઘણી પીડાપૂર્વક જન્મવા માટે તૈયાર થાય છે.

આ રીતે નારકીના જન્મતા પહેલા તેના જન્મ સ્થાનમાં આવવાનું દુઃખ અત્યંત કષ્ટદાયક જાણવું.

### ૨. જન્મ સમયે થતાં ઉછાળાનું દુઃખ

નારકીનું જન્મનું સ્થાન તેના રહેઠાણનાં બિલનાં ઉપરના છત જેવા ભાગમાં આવેલ અર્ધવર્તુળાકાર મધપૂડા જેવા ભાગમાં હોય છે. જન્મના સ્થાનમાં જન્મવા માટે તૈયાર થયેલો નારકી પોતાની પર્યાપ્તિ પૂરી થતાં જ આપમેળે કે ચીપિયા જેવા સાધન વડે બહાર ખેંચાઇને ઊંધા માથે નીચે આવે છે ત્યારે તે



અનેક પ્રકારની તલવાર જેવા છત્રીસ પ્રકારના આયુધોની વચમાં પડે છે. અને દડાની જેમ એકદમ ઊંચો ઉછળે છે. પહેલી નરકમાં આ ઉછાળો સાત યોજન અને છ હજારને પાંચસો ધનુષ (૧૦૦ કિ.મી.) જેટલો હોય છે ત્યારપછી બીજી, ત્રીજી વગેરે નરકમાં તે ઊછાળો ઉત્તરોત્તર બમણો બમણો થતો જાય છે. અને તે રીતે તે અંતિમ સાતમી નરકમાં તે ઉછાળો પાંચસો યોજન (૬૪૦૦ કિ.મી.) જેટલો ઊંચો હોય છે. એકદમ ઊંચો ઉછાળો પામેલો નારકી દડાની જેમ ફરી ફરી પણ ઉછાળો પામતો છેવટે છેદાઇ-ભેદાઇને નરકની ભૂમિ ઉપર જઇ પડે છે.

આ રીતે નારકીના જન્મ સમયે થતા ઉછાળાનું દુઃખ અત્યંત ભયાનક છે.

### ૩. ઉછાળા બાદ ભૂમિસ્પર્શનું દુઃખ

જન્મ સમયના ભયંકર ઊંચા ઉછાળા બાદ તે નરકની ભૂમિ ઉપર જઇ પડે છે. નરકની ભૂમિ અંધકારથી વ્યાપ્ત અને અત્યંત દુર્ગંધવાળી છે. નરકની ભૂમિની દુર્ગંધ એવી છે કે પ્રથમ નરકની ભૂમિનો એક કણિયો

પણ આપણી ભરત ભૂમિમાં લાવવામાં આવે તો તેની દુર્ગંધથી એક કોશ (૩.૨ કિ.મી.) સુધીના પ્રાણીઓ તત્કાળ મરણ પામી જાય અને સાતમી




નરકની માટીનાં એક કણિયાથી ૨૫ કોશ (૮૦ કિ.મી.) સુધીના પ્રાણીઓનું મરણ થઇ જાય. આવી ભયંકર દુર્ગંધમય ભૂમિ ઉપર આવી પડેલો નારકી આકસ્મિક ભયને પ્રાપ્ત થઇ ઊભો થવાનો પ્રયત્ન કરે છે, પણ ઊભો થઇ શકતો નથી. કેમ કે, આ ભૂમિ શસ્ત્રથી પણ મહાતીક્ષ્ણ એવા કંટકોના સમૂહથી ભરેલી હોય છે અને તેના સ્પર્શ માત્રથી જ હજારો વીંછીઓના એક સાથે ડંખ જેવી ભયાનક વેદના થાય છે.

આ ઉપરાંત નરકની આ ભૂમિ ખૂબ જ ઠંડી કે ગરમી ધરાવનારી હોય છે. પ્રથમ ચાર નરક અને પાંચમી નરકના પોણા ભાગના બધા મળીને ૮૨૨૫૦૦૦ બિલ એટલા બધા ગરમ હોય છે કે તેમાં મેરૂ પર્વત જેવડો લોઢાનો ઠંડો ગોળો નાંખવામાં આવે તો તે ગરમીના કારણે નીચે પહોંચ્યા પહેલાં જ મીણની જેમ પીગળી જાય. આવી ભયંકર ગરમીથી ત્રસ્ત નવા જન્મેલ નારકીને ગરમીના કારણે એવી તીવ્ર તરસ હોય છે કે અનેક સમુદ્રોનું પાણી પી જાય તોપણ તરસ છીપે નહિ. તેમ છતાં તેમને પીવા માટે પાણીનું એક ટીપુંય મળતું નથી.


પાંચમી નરકનાં બાકીના અને છઠ્ઠી તથા સાતમી નરકનાં કુલ મળીને ૧૭૫૦૦૦૦ બિલ એટલા બધા ઠંડા હોય છે કે તેમાં મેરૂપર્વત જેવડો ધગધગતો લોઢાનો ગરમ ગોળો નાખવામાં આવે તો તે ઠંડીના કારણે નીચે પહોંચ્યા પહેલાં જ મીઠાની ગાંગડીની જેમ વિખરાઇ જાય છે. આવી ભયંકર ઠંડીથી ત્રસ્ત નવા જન્મેલ નારકીને એટલી બધી તીવ્ર ભૂખ લાગે છે કે ડુંગરોના ડુંગરો જેટલું અનાજ ખાઈ જાય તોય તેમની ભૂખ ભાંગે નહિ. પણ તેમને ખાવા માટે અનાજનો એક કણિયો પણ નસીબમાં નથી.

આ રીતે જન્મ સમયના ઉછાળા બાદ નરકની ભૂમિ ઉપર આવી પડેલ નારકી ત્યાંની ભૂમિના સ્પર્શમાત્રથી જ મહાદુ:ખી જાણવો.

### ૪. નવીન જન્મેલ નારકીને અન્ય નારકીઓ દ્વારા અપાતું દુ:ખ



નરક ભૂમિમાં આવી પડેલો નવીન ઉપજેલો નારકી આકરી વેદનાથી વિલાપ કરતો જેમ તેમ કરીને માંડ માંડ ઉભો થાય છે ત્યાં જ બીજા જૂના નારકીઓ ચારે બાજુઓથી એકઠા થઇ તેના ઉપર એકાએક તૂટી પડે છે. જેમ શેરીના કૂતરાઓ અંદરોઅંદર લડાઇ ઝઘડા કરે છે પણ શેરી બહારનો કોઇ નવો કૂતરો પોતાની શેરીમાં આવી પડે તો બધાં કૂતરાઓ એક સંપ કરીને તેના પર તૂટી પડે છે. તેમ નારકીઓ પણ અંદરોઅંદર લડાઇ ઝઘડા કર્યા કરે છે પણ નવો જન્મેલો નારકી પોતાની ભૂમિ ઉપર આવી પડે તો બધાં નારકીઓ એક સંપ થઇને તેનું જોરદાર સ્વાગત કરે છે. આ સ્વાગતમાં તેઓ નવા જન્મેલ નારકીને દારૂણ અને દુ:સહ્ય દુ:ખ આપે છે. તેઓ તેના શરીરનાં તલવારથી ટૂકડે ટૂકડા કરી નાંખી તેને ઘાણીમાં પીલે છે અને હાંડીમાં રાંધે છે. કોઇ તેને કાંટાળા મુદગર વડે મારે છે તો કોઈ થાંભલા સાથે બાંધી કોરડા ફટકારે છે. કોઇ નારકી પોતાના શરીરની સિંહ કે વાઘ જેવી વિક્રિયા કરી તેને ખાવા માંડે છે. તો કોઇ તેને તીક્ષ્ણ ભાલાથી વીંધી નાંખે છે. કોઇ તેને ઉકળતા તેલના તાવડામાં તળે છે. આવી અનેક પ્રકારની પીડા ઉપજાવવામાં આવે છે અને ત્યારપછી બધા નારકીઓ ભેગા થઇને તેને પ્રચંડ અગ્નિમાં ફેંકી દે છે. ત્યારે ભયાનક અગ્નિથી ભયભીત થયેલો અને દાઝેલો તે નવો જન્મેલો નારકી શીતલ જળ માની વૈતરણી નદીમાં પ્રવેશ કરે છે. પરંતુ ત્યારે તેનું દુ:ખ ખૂબ જ વધી જાય છે. આ વૈતરણી નદી સડેલા લોહી, પરૂ અને કીડાઓથી ખદબદતી હોય છે. નરકમાં કોઇ નદી હોતી નથી. પણ નવા જન્મેલ નારકીને દુ:ખ આપવા માટે બીજા નારકીઓએ સાથે મળીને કરેલી વિક્રિયા હોય છે. વૈતરણી નદીમાં પ્રવેશવાથી નવા જન્મેલ નારકીના શરીરમાં અત્યંત દાહ ઉત્પન્ન થાય છે. અને તેનું શરીર અનેક રોગોથી ભરપૂર બની જાય છે. વૈતરણી નદીમાંથી જેમ



તેમ પાર કરી બહાર નીકળેલો નારકી પર્વતની ગુફા જોઇ તેમાં શાંતિ માટે પ્રવેશ કરવા ઇચ્છે છે. પરંતુ ત્યાં જ અચાનક વિશાળ જ્વાળાઓવાળી મહાન અગ્નિ ઉઠે છે અને તેનું શરીર બળીઝળી જાય છે. તેથી ત્યાંથી ભાગેલો નવીન જન્મેલ નારકી શીતળ છાયાની આશામાં અસિપત્રનાં વનમાં પ્રવેશ કરે છે. આ પણ કોઇ વન નથી પણ નારકીઓ દ્વારા કરાયેલી વિક્રિયા છે. અસિપત્રના વનમાં જૂના નારકીઓએ વિક્રિયાથી કરેલા સેમરનાં વૃક્ષ હોય છે. આ વૃક્ષ નીચે બેસતાં જ તે નારકી ઉપર વજદંડ અને તલવારની ધાર જેવા તે વૃક્ષનાં પાંદડા ઉપરાઉપરી પડવા માડે છે અને તેથી તે નવીન જન્મેલ નારકીનાં શરીરનાં નાના નાના અનેક ટુકડા થઇ જાય છે. છેવટે જેના બધાં અંગો છેદાઇ ગયા છે, આંખો અને આંતરડા બહાર નીકળી પડ્યા છે, એવો અશરણ થઇને તે વન છોડીને ભાગે છે. પણ ત્યાં બીજા નારકીઓ ગીધ, ગરૂડ, કાગડા જેવા પક્ષીઓ બનીને તેના વજ્ર જેવા તીક્ષ્ણ દાંત વડે તેના શરીરને ખાવા માડે છે. તો કોઇ નારકી તેના અંગ-ઉપાંગના ઘા ઉપર મીઠું ભભરાવે છે, તો કોઇ વળી તેના ઉપર તેજાબ છાંટી મહા પીડા ઉપજાવે છે.



પૂર્વભવના પરસ્ત્રીગમનનાં પાપે નરકમાં આવેલ નારકીને અસુરકુમારના દેવ તેને ધગધગતા ગરમ લોઢાની પૂતળી સાથે વારંવાર આલિંગન કરાવે છે. શરાબના સેવનના કારણે નરકમાં આવેલ નારકીને તેનું મોઢું સાણસાથી ફાડીને ગરમાગરમ તાંબાનો રસ પીવડાવામાં આવે છે.




આમ નવો જન્મેલ નારકી જ્યાં જ્યાં શાતા મેળવવા જાય છે ત્યાં ત્યાં તેને અશાતાની જ પ્રાપ્તિ થાય છે. તેને માટે આપણે **'ભોંમાંથી ભાલા ઉગ્યા'** એમ કહીએ છીએ. નરકમાં ખરેખર તેવું જ છે.

આ રીતે નવીન જન્મતાં નારકી ઉપર જૂના નારકીઓ દ્વારા અપાતી ભયંકર પીડાને કારણે તેનો આ જન્મ મહાદુઃખરૂપ જાણવો.

### ૫. નવીન જન્મેલ નારકીને અસુરકુમાર દેવો દ્વારા અપાતું દુઃખ

નવીન જન્મેલ નારકીની અન્ય જૂના નારકીઓ દ્વારા અનેરી પ્રકારની આગતા-સ્વાગતા થયા પછી પણ તેની યાતનાઓનો અંત આવતો નથી. જૂના નારકીઓ દ્વારા થતી હેરાનગતિ બંધ થયા બાદ હવે ભવનવાસી દેવલોકના અંબ, અંબરિષ વગેરે પ્રકારના અસુરકુમાર જાતિના દેવો તેને વધાવવા માટે તૈયાર જ હોય છે. તેઓ આ નવા જન્મેલ નારકીને તેના પૂર્વભવના પાપ અનુસાર આકરી સજા કરે છે. પૂર્વભવના પરસ્ત્રીગમનનાં પાપે નરકમાં પધારેલ નવીન નારકીને અસુરકુમારના દેવ તેને ધગધગતા ગરમ લોઢાની પૂતળી સાથે વારંવાર આલિંગન કરાવે છે. પૂર્વભવમાં શરાબના સેવનના કારણે નરકમાં આવેલ નવીન નારકીને તેનું મોઢું સાણસાથી ફાડી તેને ગરમાગરમ તાંબાનો રસ પરાણે પીવડાવવામાં આવે છે. પૂર્વભવમાં માંસભક્ષણ કરનારને તેનાં જ શરીરના ટુકડા કાપી તેને બળજબરીથી ખવડાવવામાં આવે છે.

અસુરકુમાર દેવો આ ઉપરાંત તેના પૂર્વના વૈરી સાથે તેને લડાવી મારે છે. વૈરી દ્વારા તેના તલ તલ જેવા ટુકડા થવા છતાં તેનું શરીર છૂટતું નથી અને તે પારાની જેમ મળી જાય છે.

આ રીતે અસુરકુમાર દેવો દ્વારા અપાતા દુઃખને કારણે પણ નવો જન્મેલ નારકી મહાદુઃખી જાણવો. સમગ્રપણે જોઇએ તો નારકીનાં જન્મનું દુઃખ તે ભોગવનારો નારકી જ જાણે છે. તેના અસહ્ય દુઃખનું વર્ણન શબ્દોથી શક્ય નથી. અહીં માત્ર સંક્ષેપમાં તેના કંઇક ઇશારા જ છે.

આ સંસારી જીવ સામાન્યપણે મનુષ્યના એક ભવ સામે નારકીના અસંખ્ય ભવ કરે છે અને તે નરકમાં ઘણા લાંબા કાળ સુધી ઘણાં પ્રકારના દુઃખો ભોગવે છે. વાસ્તવમાં નરકના પ્રતિકૂળ સંયોગો તેના દુઃખનું કારણ નથી પણ આ સંયોગો સાથે એકત્વ-મમત્વરૂપ મિથ્યાત્વ જ આ બધાં દુઃખોનું મૂળ કારણ છે. આ મિથ્યાત્વ મટાડવાનો ઉપાય મનુષ્યજીવનમાં છે.તેથી વર્તમાન મનુષ્યજીવનનો સદુપયોગ સમ્યક્ત્વ સાધવાના આત્મહિત માટે કરવો તે જ આ કથનનો સાર છે.

## ઉપસંહાર

**ઘણાં ઘણાં પાપનાં ફળ ભોગવવાનું સ્થાન એવા નરક ગતિમાં ઉપજનારા જીવને નારકી કહે છે.**

અધોલોકમાં આવેલી સાત પ્રકારની નરકની ભૂમિના આધારે નારકીઓ પણ સાત પ્રકારના માનવામાં આવ્યા છે. નારકીનું શરીર વૈક્રિયિક હોવા છતાં અત્યંત અશુભ, દુર્ગંધવાળુ અને બેડોળ છે. નારકીનો જન્મ ઉપપાદ પ્રકારનો છે. તેનો ઉપપાદ જન્મ અત્યંત દુઃખમય છે. નારકીનો જીવ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે પણ તેમાં તેના જન્મનું દુઃખ ઘણું મોટું છે.

સંસારી જીવ નારકીના અસંખ્ય ભવો કરે ત્યારે મનુષ્યનો એકાદ ભવ મહાભાગ્યે અને મહાકષ્ટે પ્રાપ્ત થાય છે. તેથી મનુષ્યનો ભવ મળવો દુર્લભ છે. મનુષ્ય ભવની મહત્તા તેમાં આત્મહિતનો ઉપાય થઇ શકે છે તે માટે છે. મનુષ્યભવમાં પણ આત્મહિતનો ઉપાય થઇ શકે અને તેના કારણે મિથ્યાત્વ ટળી સમ્યક્ત્વ પ્રગટી શકે તેવો ભવ મળવો ઘણો દુર્લભ છે. આપણો અત્યારનો મનુષ્યભવ મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવનારો છે.

સંસારના સઘળાં દુઃખનું મુળ કારણ મિથ્યાત્વ છે અને સાચા સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. આ મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વની સાધના કરવાનું સાધન વર્તમાન મનુષ્યભવમાં ઉપલબ્ધ છે. તેથી આપણને પ્રાપ્ત દુર્લભ મનુષ્યજીવનનો સદુપયોગ મિથ્યાત્વ ટાળી સમ્યગ્દર્શનની સાધનામાં કરવો જોઇએ. તેથી આપણું અનાદિકાળનું અનેક પ્રકારનું દુઃખ ટળી સાદિ-અનંત આત્મિક સુખની પ્રાપ્તિ થાય. આ સંદર્ભમાં નારકીના જન્મના દુઃખનું વર્ણન કરી આવા દુઃખથી બચવા માટે વર્તમાન મનુષ્યજીવનનો સદુપયોગ આત્મહિત માટે કરવાનો ઉપદેશ ફરમાવતા પંડિત દૌલતરામજી કહે છે–

(છંદ : ચોપાઈ માત્રા ૧૫)

तहाँ भूमि परसत दुःख इसो, बिच्छू सहस डसै नहिं तिसो।
तहाँ राध-श्रोणितवाहिनी, कृमि-कुल-कलित देह-दाहिनी
सेमर तरु दलजुत असिपत्र, असि ज्यों देह विदारैं तत्र ।
मेरु समान लोह गलि जाय, ऐसी शीत उष्णता थाय।।
तिल-तिल करैं देह के खण्ड, असुर भिडावैं दुष्ट प्रचण्ड।
सिन्धु-नीरतै प्यास न जाय, तो पण एक न बून्द लहाय।।
तीनलोक को नाज जु खाय, मिटै न भूख, कणा न लहाय।
ये दुःख बहु सागर लौं सहै, करम जोगतैं नरगति लहै।।

**ભાવાર્થ :** નરકની ભૂમિ ઉપર આવી પડેલ નવીન ઉપજેલ નારકી ત્યાંની ભૂમિના સ્પર્શમાત્રથી એવું દુઃખ અનુભવે છે કે હજારો વીંછીઓ એક સાથે ડંખે તોય તેટલું દુઃખ થાય નહિ. ત્યાંના નારકી નવા જન્મેલ નારકી ઉપર એવા તૂટી પડે છે કે તેના તલ-તલ જેવડા ટુકડા થઈ જાય. ત્યાંની ઠંડી પણ એવી હોય છે કે મેરૂ પર્વત જેવડો લોઢાનો ગોળો પણ ઠંડીના કારણે ભૂક્કો થઈ જાય. ઠંડીના કારણે એવી ભૂખ લાગે છે કે એક સાથે ત્રણેય લોકના અનાજ ખાઈ જાય. પરંતુ તેને ખાવાને માટે અનાજનો એક દાણો પણ મળતો નથી. ત્યાં ગરમી હોય તો તે એવી હોય છે કે મેરૂપર્વત જેવડો લોઢાનો ગોળો ગરમીના કારણે પીગળી જાય. ગરમીના કારણે એવી તીવ્ર તરસ લાગે છે કે જો મળે તો મહાસાગરનું પાણી પી જાય તોપણ તરસ છીપે નહિ. પરંતુ તેને પીવાને માટે પાણીનું એક ટીપુંય મળતું નથી. ત્યાંની ગરમીથી બચવા નારકીનો જીવ વૈતરણી નદીમાં પ્રવેશે છે. પણ આ નદી લોહી, પરૂ અને નાના કીડાઓથી ભરપૂર હોય છે. તેથી તેમાં પ્રવેશવાથી શીતળતાને બદલે ભયંકર દાહ ઉત્પન્ન થાય છે.તેથી આ નારકી શીતળ છાયા માટે અસિપત્રનાં વનમાં સેમરનાં વૃક્ષ નીચે બેસે છે પણ તે વૃક્ષના તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડા નારકી ઉપર પડ્યા કરે છે અને તેથી તેનું શરીર ચીરાઈ જાય છે. આવા અનેક પ્રકારના દુઃખોને નારકીનો જીવ સાગરોપમ કાળ સુધી ભોગવે છે ત્યારે કોઈ વિશેષ પ્રકારના શુભ કર્મના યોગથી તે મનુષ્યગતિ પામે છે. **(આ પ્રકારે પ્રાપ્ત મનુષ્યજીવનનો આત્મહિત માટે સદુપયોગ કરવામાં આવે તો નરકાદિ સઘળાં પ્રકારના દુઃખોનો અંત આવી શાશ્વત સમાધિ સુખની પ્રાપ્તિ થાય છે.)** (છ ઢાળ : ઢાળ ૧ :ગાથા ૯ થી ૧૨)

---

### ટિપ્પણ

૧. **અનુબદ્ધ :** અનુબંધવાળુ, સંબંધવાળુ. ●૨. **દાસ્તાન :** વર્ણન, અહેવાલ.● ૩. **નિરૂપક્રમ :** ઉપક્રમનો અભાવ; નારકીનું આયુષ્ય નિરૂપક્રમ હોય છે એટલે કે આયુષ્ય તેની નિયત મર્યાદા કરતાં વહેલું પૂરું થતું નથી. ●૪. **ભવપ્રત્યય :** અવધિજ્ઞાનના બે પ્રકાર છે-ભવપ્રત્યય અને ગુણપ્રત્યય. નારકી અને દેવને તેના ભવને કારણે જ સહજપણે અવધિજ્ઞાન હોય છે, તેને ભવપ્રત્યય કહે છે. મનુષ્યને કોઈ કારણે અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશય થતાં અવધિજ્ઞાન ઉપજે છે તેને ગુણપ્રત્યય કહે છે.● ૫. **આયુધ :** શસ્ત્ર.

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧. ત્રિલોકસાર : અધિકાર ૧ : ગાથા ૨૦૭; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૨/૫૦/૨-૩/૧૫૬/૧૩.

**નારકી કોને કહે છે ?** ૧. ગોમ્મટસાર : જીવકાંડ : ગા. ૧૪૭ની ટીકા અને તેની ફૂટનોટ; ● ૨. ધવલ : ૧/૧, ૧,૨૪/૨૦૧/૬; ● ૩. સર્વાર્થસિદ્ધિ : ૨/૬/૧૫૯/૩; ● ૪. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૧૮; ● ૫. નિયમસાર : ગાથા : ૧૬; ● ૬. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૩, સૂત્ર ૧; ● ૭. જૈ. સિ. કોશ : ભાગ ૨ : નરક : ૧/૩, પાનું ૫૭૨.

**નારકીનું સ્વરૂપ** ૧. તિલોયપણ્ણતિ : ૨/૨૯ થી ૩૩; ૨૦૪ થી ૨૧૪; ૩૧૩; ● ૨. ભગવતી આરાધના : ગાથા ૧૫૭૩, ૧૫૭૪; ● ૩. મૂલાચાર : ગાથા ૧૦૫૫ થી ૧૦૬૧, ૧૧૧૪ થી ૧૧૧૬; ● ૪. સર્વાર્થસિદ્ધિ : ૩/૬/૨૨-૨૩; ૪/૩૫/૧૧૩; ૩/૩/૨૦૭/૪; ● ૫. ત્રિલોકસાર : ગાથા ૧૭૯, ૧૯૮ થી ૨૦૧; ● ૬. મહાપુરાણ : ૧૦/૩૩, ૩૪, ૬૪, ૯૫; ● ૭. હરિવંશપુરાણ : ૪/૨૫૭થી ૩૪૦; ૩૬૮; ● ૮. બૃહદ્ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૩૫ની ટીકા; ● ૯. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૩, સૂત્ર ૩; ● ૧૦. ષટ્ખંડાગમ : ૧/૧, ૧/ સૂત્ર ૧૫૧ થી ૧૫૫/ ૩૯૯-૪૦૧; ● ૧૧. ત્રિલોકભાસ્કર : પાનું ૬૦ થી ૮૦; ● ૧૨. જૈ. સિ. કોશ : ભાગ ૧ : આયુ : ૭/૧ પાનું ૨૬૩; અવગાહના : ૧/૧, પાનું ૧૭૮; ભાગ ૨ : નરક : ૩, ૪, પાનું ૫૭૩ થી ૫૭૫.

**નારકીના જન્મના દુઃખ** ૧. ત્રિલોકસાર : ગાથા ૧૫૯ થી ૧૭૭; ● ૨. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૩, સૂત્ર ૧, ૪, ૫; ● ૩. તિલોયપણ્ણતિ : ૧/૧૫૩, ૨/૨૮ થી ૩૬, ૯૫, ૧૦૪, ૩૦૨ થી ૩૪૬; ● ૪. વસુનંદી શ્રાવકાચાર : ગાથા ૧૩૫ થી ૧૭૨; ● ૫. ત્રિલોકસાર : ગાથા ૧૫૨, ૧૭૮ થી ૧૯૭; ● ૬. મહાપુરાણ : ૧૦/૩૫, ૩૬, ૩૭, ૯૦, ૧૦૦; ● ૭. જ્ઞાનાર્ણવ : ૩૬/૧૧, ૧૮, ૧૯, ૭૭, ૭૮; ● ૮. હરિવંશપુરાણ : ૪/૩૫૫થી ૩૬૧, ૩૬૬; ● ૯. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૩૪ થી ૩૯; ● ૧૦. મો. મા. પ્ર. : અધિકાર ૩, પાનું ૬૯, ૭૦; ● ૧૧. ભગવતી આરાધના : ગાથા ૧૫૭૧ થી ૧૫૮૮; ● ૧૨. જૈ. સિ. કોશ : ભાગ ૨ : નરક : ૨, પાનું ૫૭૨, ૫૭૩.

**ઉપસંહાર** ૧. છ ઢાળ : ઢાળ ૧ : ગાથા ૯ થી ૧૨.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીમાં સૌથી વધુ દુઃખી કોણ ?** ૧. ☐
A. નારકી B. દેવ C. તિર્યંચ D. મનુષ્ય

**૨. નારકીના રહેઠાણ માટે કુલ બિલ કેટલા છે ?** ૨. ☐
A. ૮૪૦૦૦૦૦ B. ૮૨૨૫૦૦૦
C. ૧૭૫૦૦૦ D. અસંખ્ય

**૩. નારકીના શરીરની જઘન્ય અવગાહના કેટલી છે ?** ૩. ☐
A. એક હાથ B. ત્રણ હાથ
C. ત્રણ ધનુષ D. પાંચસો ધનુષ

**૪. નારકીના શરીરનું સંસ્થાન કેવા પ્રકારનું છે ?** ૪. ☐
A. સ્વાતિ B. વામન C. હુંડક D. કુબ્જક

**૫. નારકીના જીવનું ઓછામાં ઓછું આયુષ્ય કેટલું ?** ૫. ☐
A. તેત્રીસ સાગર B. એકત્રીસ સાગર
C. એક સાગર D. દશ હજાર વર્ષ

**૬. સાતમી નરકના નારકીનો અવધિજ્ઞાનનો વિષય કેટલો હોય છે ?** ૬. ☐
A. સમગ્ર ત્રસનાલી B. એક યોજન
C. ચાર કોશ D. એક કોશ

**૭. નારકીના જીવને ક્યા પ્રકારની લેશ્યા હોય છે ?** ૭. ☐
A. પદ્મ લેશ્યા B. પીત લેશ્યા
C. કૃષ્ણ લેશ્યા D. શુકલ લેશ્યા

**૮. સ્ત્રીઓ કઈ નરકમાં ઉપજી શકે છે ?** ૮. ☐
A. ૧ થી ૭ સુધીની નરકમાં
B. ૧ થી ૬ સુધીની નરકમાં
C. ૧ થી ૩ સુધીની નરકમાં
D. કોઈપણ નરકમાં ઉપજતી નથી

**૯. આત્મઘાત કરી મરણ પામનારો જીવ મોટા ભાગે શેમાં ઉપજે છે ?** ૯. ☐
A. નરકમાં B. પશુમાં
C.મનુષ્યમાં D. નિગોદમાં

**૧૦. નરકનો જીવ સમ્યગ્દર્શન પામી શકે તે માટે શું જરૂરી છે ?** ૧૦. ☐
A. પૂર્વે મનુષ્યભવમાં આત્મહિતના સંસ્કાર અને જ્ઞાનીની નિશ્રા
B. પાપનો પશ્ચાતાપ અને નવું પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા
C. કોઈ જ્ઞાની નારકી કે મિત્ર દેવ દ્વારા આત્મહિતનું સંબોધન
D. વર્તમાન ભવની વેદના અને પૂર્વભવનું જાતિ સ્મરણ જ્ઞાન

**૧૧. નરકમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર ક્યો જીવ છે?** ૧૧. ☐
A. રાવણનો જીવ
B. ભગવાન મહાવીરનો જીવ
C. શ્રેયાંસ રાજાનો જીવ
D. શ્રીકૃષ્ણનો જીવ

**૧૨. નારકીના જન્મ સમયનો ઉછાળો પહેલી નરકમાં કેટલો હોય છે ?** ૧૨. ☐
A. ૧૦૦ કિ.મી. B. ૪૨૮ કિ.મી.
C. ૬૪૦૦ કિ.મી. D. ૧૦૦૦૦ કિ.મી.

**૧૩. નારકીની તરસ કેવી હોય છે ?** ૧૩. ☐
A. વૈતરણી નદીનું પાણી પી જાય તોય તરસ છીપે નહિ તેવી
B. અનેક સમુદ્રોનું પાણી પી જાય તોય તરસ છીપે નહિ તેવી
C. એક ઘડો પાણી પી જાય તેવી
D. નારકીને તરસ લાગતી નથી

**૧૪. નારકીના ઠંડા બિલમાં મેરૂપર્વત જેવડો લોઢાનો ધગધગતો ગરમ ગોળો નાખવાથી શું થાય ?** ૧૪. ☐
A. તે ગોળો નીચે પહોંચ્યા પહેલા પીગળી જાય
B. તે ગોળાના કારણે ઠંડુ બિલ ગરમ થઈ જાય
C. તે ગોળો નીચે પહોંચ્યા પહેલા વિખરાઈ જાય
D. તે ગોળા નીચે નારકીના અનેક જીવો કચડાઈ જાય

**૧૫. નવીન ઉપજેલ નારકીનું અન્ય નારકીઓ કઈ રીતે સ્વાગત કરે છે ?** ૧૫. ☐
A. લાલ જાજમ બિછાવી સલામી આપીને
B. વાજતે ગાજતે સામૈયું કાઢીને

C. દડાની જેમ ઊંચે ઉછાળીને
D. દારૂણ અને દુ:સહ્ય દુ:ખ આપીને

**૧૬. નરકમાં આવેલી વૈતરણી શું છે ?** ૧૬.☐
A. નરકમાં આવેલી એક માત્ર નદી છે
B. દુર્ગંધમય ગંદા પાણીની મોટી ગટર છે
C. સ્વર્ગમાં જવાની સીડી છે
D. નારકીના શરીરમાં ભયંકર દાહ ઉત્પન્ન કરનાર છે

**૧૭. નરકમાં આવેલ અસિપત્ર વન શું છે ?** ૧૭.☐
A. તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાવાળા વૃક્ષોનું વન છે
B. સેમરના વૃક્ષોથી સુશોભિત છે
C. નારકીઓ દ્વારા કરાયેલી વિક્રિયા છે
D. વજ્રદંડ જેવા પાંદડાવાળા વૃક્ષોનું વન છે

**૧૮. નરકમાં નવીન ઉપજેલ નારકીને અસુરકુમાર દેવો કઈ રીતે આવકારે છે ?** ૧૮.☐
A. તેના શરીરના તલ તલ જેવડા ટૂકડા કરીને
B. પૂર્વના પાપ અનુસાર આકરી સજા ફટકારીને
C. એકવીસ તોપોની સલામી આપીને
D. કંકુ ચોખાનો ચાંદલો કરીને

**૧૯. સામાન્યપણે સંસારી જીવ નરકના કેટલા ભવ કરે ત્યારે તેને મનુષ્યનો એક ભવ મળે ?** ૧૯.☐
A. અસંખ્યાત B. સંખ્યાત
C. આઠ D. એક

**૨૦. નારકી જેવા સંસારના દુ:ખથી બચવું હોય તો શું કરવું જોઈએ ?** ૨૦.☐
A. મિથ્યાત્વ મટાડવું જોઈએ
B. પાપને ટાળવું જોઈએ
C. આપઘાતથી બચવું જોઈએ
D. પુણ્યનું ઉપાર્જન કરવું જોઈએ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.
૧. નારકી શા માટે દુ:ખથી જ અનુબદ્ધ છે ?
૨. નરકની સાત ભૂમિના નામ આપો.
૩. રહેઠાણની અપેક્ષાએ નારકીના કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા છે ?
૪. નરકમાં કુલ કેટલા બિલો છે ? તેમાંથી કેટલા ગરમ છે અને કેટલા ઠંડા છે ?
૫. નારકીના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કઈ નરકમાં કેટલી છે ?
૬. નારકીના શરીરની જઘન્ય અવગાહના કઈ નરકમાં કેટલી છે ?
૭. નારકીની ગતિ કઈ કહેવાય છે ?
૮. નામકર્મની અપેક્ષાએ નારકીની કઈ પર્યાય છે ?
૯. નારકી અને મનુષ્ય પૈકી કોની સંખ્યા વધારે ? કેટલી ?
૧૦.નારકીના જીવને કેટલા પ્રાણ છે ? ક્યા ક્યા ?
૧૧.ક્યો જીવ નરકમાં અવતરે છે ?
૧૨. ક્યો જીવ નરકમાં અવતરતો નથી ?
૧૩.નરકમાંથી બહાર નીકળેલા જીવ શેમાં અવતરે છે ?
૧૪.નરકમાંથી બહાર નીકળેલો જીવ શેમાં અવતરતો નથી ?
૧૫.નરકમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર જીવ સામાન્યપણે કઈ યોગ્યતા ધરાવે છે ?
૧૬.નારકીના જીવને કયા પ્રકારના દુ:ખની મુખ્યતા છે ?
૧૭.નારકીના જન્મ સમયે થતો ઉછાળો પ્રથમ નરકમાં કેટલો હોય છે ?
૧૮.નારકીના જન્મ સમયે થતો ઉછાળો સાતમી નરકમાં કેટલો હોય છે ?
૧૯.પૂર્વભવમાં પરસ્ત્રીગમનનાં પાપે નરકમાં અવતરનારને અસુરકુમાર દેવ કઈ સજા કરે છે ?
૨૦. પૂર્વભવમાં શરાબના સેવનના કારણે નરકમાં અવતારનારને અસુરકુમાર દેવ કઈ સજા કરે છે ?
૨૧. પૂર્વભવમાં માંસ ભક્ષણ કરવાના પાપે નરકમાં અવતારનારને અસુરકુમાર દેવ કઈ સજા કરે છે ?
૨૨. મનુષ્ય ભવની દુર્લભતા શા માટે છે ?
૨૩. મનુષ્ય ભવની મહત્તા શી છે ?
૨૪. સંસારના સઘળા દુ:ખનું કારણ શું છે ?
૨૫. આત્માના સાચા સુખનું કારણ શું છે ?

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.
૧. નારકી કોને કહે છે ?
૨. નારકીના જીવની પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.
૩. નારકીના અવસ્થાન વિષે માહિતી આપો.
૪. નારકીના આયુ વિષે માહિતી આપો.
૫. નારકીના ત્રસ પર્યાયમાં રહેવાના કાળની માહિતી આપો.
૬. નારકીના અવધિજ્ઞાન વિષે માહિતી આપો.
૭. નારકીની લેશ્યા વિષે માહિતી આપો.
૮. નરકની ગતિ–આગતિ વિષે માહિતી આપો.
૯. નારકી અવસ્થામાં ઉપજવાનું કારણ સમજાવો.
૧૦.નરકમાં ક્યા પ્રકારનું સમ્યગ્દર્શન સંભવે છે ? શા માટે ?
૧૧.નરકમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સામાન્યપણે ક્યા ક્યા નિમિત્ત હોય છે ?
૧૨. નારકીના જન્મના દુ:ખનું વર્ણન કેટલા તબક્કામાં કરવામાં આવે છે ? ક્યા ક્યા ?
૧૩.જુદા જુદા નરકમાં આવેલ નારકીના જન્મસ્થાનના વિસ્તાર અને ઊંચાઈ વિષેની માહિતી આપો.
૧૪.નારકીના જન્મ સ્થાનના દુ:ખનું સ્વરૂપ જણાવો.
૧૫.નારકીના જન્ય સમયે થતો ઉછાળો અને તેથી થતા દુ:ખનું સ્વરૂપ જણાવો.
૧૬.નારકીને ભૂમિસ્પર્શથી થતું દુ:ખ જણાવો.
૧૭.નવીન જન્મેલ નારકીને અન્ય નારકીઓ કઈ રીતે દુ:ખ આપે છે? તેની વિગત જણાવો.
૧૮.નવીન જન્મેલ નારકીને અસુરકુમાર દેવ દ્વારા અપાતા દુ:ખની માહિતી આપો.
૧૯.કુંભીપાક એટલે શું ? નરકના જન્મમાં કુંભીપાક સમાન શું છે ?
૨૦. નરકની ભૂમિની દુર્ગંધ વિષે માહિતી આપો.
૨૧. નરકના બિલની ગરમી અને ઠંડી વિષે માહિતી આપો.
૨૨. નરકની વૈતરણી નદી વિષે માહિતી આપો.
૨૩. નરકના અસિપત્ર વન વિષે માહિતી આપો.
૨૪. મનુષ્ય જીવનનો સદુપયોગ કઈ રીતે કરી શકાય ? શા માટે?

## વિદ્યાર્થીઓની જૂથપ્રવૃત્તિ
૧. નારકીના જન્મના દુ:ખ સંબંધી પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. અસુરકુમાર દેવ દ્વારા નવા જન્મેલ નારકીને અપાતા દુ:ખનું નાટક ભજવો અને તેનો બોધપાઠ તારવો.

## શિક્ષક ની વિશેષ પ્રવૃત્તિ
૧. આત્મઘાત કરનાર શા માટે નરકમાં જાય તેની સમજૂતી આપવી.
૨. હિંસક અને બિભત્સ ટી.વી. પ્રોગ્રામ પોતાને ઘેર બેઠા નરકમાં પહોંચાડવાનું કામ કરે છે તેની સમજૂતી આપવી.